૨૧-૦૮-૨૦૨૦ પ્રાતઃમોરલી ઓમ્ શાંતિ "બાપદાદા" મધુબન

**"મીઠાં બાળકો - તમારો ધંધો છે બધાનું ભલુ કરવું, પહેલાં પોતાનું ભલુ કરો પછી બીજાઓનું ભલુ કરવા માટે સેવા કરો"**

**પ્રશ્ન :-** બ્રાહ્મણ બન્યા પછી વેલ્યુબલ (કિંમતી) જીવન બનવાનો આધાર શું છે?

**ઉત્તર :-** વાચા અને કર્મણા સેવા. જે વાચા કે કર્મણા સેવા નથી કરતા - એમનાં જીવનની કોઇ વેલ્યુ (કિંમત) નથી. સેવા થી બધાનાં આશીર્વાદ મળે છે. જે ઈશ્વરીય સેવા નથી કરતા તેઓ પોતાનો સમય, શક્તિ બધું વેસ્ટ (વ્યર્થ) કરે છે, એમનું પદ ઓછું થઇ જાય છે.

**ગીત :-** તુમ્હીં હો માતા.....

**ઓમ્ શાંતિ!** બાળકો જાણે છે કે આ મહિમા કોની છે? ભારતવાસી મનુષ્ય નથી જાણતાં. છો તમે પણ મનુષ્ય પરંતુ તમે હવે જાણી ગયાં છો - આ કોની મહિમા છે. એ માતા-પિતા દ્વારા તમે વિષ્ણુપુરી ની રાજાઇ લઈ રહ્યાં છો. ઉપર છે માતા-પિતા. શિવલિંગ ની વિદ્વાન વગેરે પૂજા નથી કરવા દેતાં કારણ કે તેઓ ઉલ્ટી વાત સમજે છે. હકીકત માં શિવલિંગની પૂજા જ્યારે કરે છે તો એને માતા-પિતા નથી સમજતાં. લક્ષ્મી-નારાયણ ની પૂજા કરશે તો એમને માતા-પિતા કહે છે કારણ કે બંને છે. પથ્થરબુદ્ધિ મનુષ્ય કાંઇ પણ સમજતાં નથી કે અમે કોની પૂજા કરીએ છીએ. ત્વમેવ માતાચ પિતા કોણ છે? જ્યાં બંને જુએ છે તો એમની આગળ મહિમા ગાય છે. પરંતુ લક્ષ્મી-નારાયણ તો નથી માતા-પિતા, નથી ખેવૈયા. ન જ્ઞાન સાગર, ન પતિત-પાવન છે. આપ બાળકો સારી રીતે જાણો છો-પતિત-પાવન નિરાકાર પરમપિતા પરમાત્માને જ કહેવાય છે. ત્વમેવ માતાચ પિતા... આ મહિમા સાકાર ની હોઈ ન શકે. ન લૌકિક માતા-પિતા માટે આ ગાય છે. એ લૌકિક મા-બાપ પાસે થી તો અલ્પકાળ નું કાગ વિષ્ટા સમાન સુખ મળે છે. દ્વાપર કળિયુગ માં છે દુઃખ, હમણાં તમે બાપ દ્વારા સમજદાર બન્યાં છો. કોઈને પણ સમજાવવું ખૂબ સહજ છે. ત્રિમૂર્તિ ચિત્ર લઈ જાઓ, ઉપર છે શિવ. આ છે ત્વમેવ માતાચ પિતા.... જે બ્રહ્મા દ્વારા આપણને વિષ્ણુપુરી નું રાજ્ય આપે છે. બ્રહ્મા દ્વારા આપણને સહજ રાજયોગ શિખવાડી રહ્યાં છે, જેનાંથી આપણે રાજાઓનાં રાજા બનીએ છીએ. વિષ્ણુપુરી કેવી રીતે અને કોણે સ્થાપન કરી, આ કોઈ જાણતું નથી. કોઈએ તો સ્થાપન કરી હશે? બાપનો પરિચય મળે છે તો બાપ પાસે થી બર્થરાઈટ ઈશ્વરીય જન્મ સિદ્ધ અધિકાર જરુર જોઈએ. બાપનો જન્મ સિદ્ધ અધિકાર છે વિષ્ણુપુરી, નર થી નારાયણ, નારી થી લક્ષ્મી પદ પ્રાપ્ત કરાવે છે. રાજયોગ શિખવાડે છે. સમજાવવાની રીત ખૂબ સારી જોઈએ, જે કોઈની બુદ્ધિમાં બેસે. લક્ષ્મી-નારાયણ નાં ચિત્ર પર તમે ખૂબ સારું જ્ઞાન આપી શકો છો. લક્ષ્મી-નારાયણ ને જરુર ૮૪ જન્મ લેવા પડે છે. આ નવી દુનિયાનાં નંબરવન મનુષ્ય છે. ગાયન પણ છે પરમપિતા પરમાત્મા પાસે થી ૨૧ પેઢી રાજ્ય-ભાગ્ય મળે છે. આ પણ ક્લિયર (સ્પષ્ટ) કરીને દેખાડ્યું છે. ક્યાંય પણ લગ્ન પર અથવા કોઈનાં નિમંત્રણ પર જવાનું હોય છે તો ત્યાં તમે ખૂબ સર્વિસ (સેવા) કરી શકો છો. પરંતુ બાબાને યાદ જ નથી કરતાં, તો મદદ જ શું મળશે? ઘણાં છે જેમનામાં જ્ઞાન-યોગ કાંઇ પણ નથી, છતાં પણ સેન્ટર (સેવાકેન્દ્ર) સંભાળે છે તો બાબા આવીને મદદ કરે છે. બાકી જે પોતાનું કલ્યાણ નથી કરતા તો બીજાનું શું કરશે? જેમકે ગુરુ લોકો સ્વયં જ મુક્તિ નથી મેળવી શકતાં તો બીજાને કેવી રીતે આપી શકશે. બાપ સમજાવે ખુબ સહજ છે. એક ત્રિમૂર્તિ નું રહસ્ય અને નવી દુનિયા, જૂની દુનિયાનાં ચક્રનું રહસ્ય લખેલું છે. સર્વિસ કરવા વાળાની બુદ્ધિમાં આ બધું રહસ્ય

રહે છે. ક્યાંય લગ્ન વગેરે પર જાઓ તો કોશિશ કરો તીર લગાવવાની. વીંછી નું ઉદાહરણ.... તમારો ધંધો છે બધાનું ભલુ કરવાનો, પરંતુ જેમણે પોતાનું ભલુ નથી કર્યુ તો બીજાનું કેવી રીતે કરશે. સર્વિસ તો ખૂબ છે. કર્મણા સર્વિસ પણ અનેકોને સુખ આપે છે. બધાનાં આશીર્વાદ મળે છે. જે નથી વાચા, નથી કર્મણા સર્વિસ કરતા એમનું શું પદ મળશે, વેસ્ટ ઓફ ટાઇમ (સમય નો વ્યય) અને વેસ્ટ ઓફ એનર્જી (શક્તિ નો વ્યય) કરે છે. જેમ ભક્તિમાર્ગ માં તમારો વેસ્ટ ઓફ સમય અને વેસ્ટ ઓફ એનર્જી થયાં ને. ઈશ્વરીય સર્વિસ અડધો કલાક પણ નથી કરતાં, એવાં પણ ઘણાં છે. પદ મેળવવું નથી તો ચાલ જ એવી ચાલતા રહે છે. ઘણાં ચાલતાં-ચાલતાં પછી પડી પણ જાય છે. લખે છે બાબા અમે ગટર માં પડી ગયાં, ચોટ લાગી ગઈ (માર લાગ્યો). એમને શરમ આવવી જોઈએ. કોઈ મલ્લયુદ્ધ માં હારી જાય છે તો એમનું મોઢું કાળુ થઈ જાય છે. અંતમાં જ્યારે ટ્રાન્સફર થવાનો (બદલાવાનો) સમય આવશે તો તમને બધાંને સાક્ષાત્કાર થશે કે અમારું શું પદ છે. પછી પસ્તાવાથી શું થશે. સમજશે કલ્પ-કલ્પ આ જ ગતિ થશે. કહે છે શલ તમને ઈશ્વર મત આપે, પરંતુ અહીં તો ઈશ્વરની મત પર પણ નથી ચાલતાં જેમ કે પ્રણ કર્યુ (પ્રતિજ્ઞા કરી) છે કે અમે ક્યારેય શ્રીમત પર નહીં ચાલીશું. ભણતા જ નથી. નહીં તો સમજાવવું ખૂબ સહજ છે. નાનાં બાળકો પણ ચિત્ર લઈને સમજાવે, આ પ્રજાપિતા બ્રહ્મા છે, જરુર બી.કે. ને જ્ઞાન આપતા હશે. આ વારસો મળે છે ૨૧ જન્મો માટે. બાળકો આટલું પણ સમજાવે તો પણ કુરબાન થાય. નીચે લખેલું છે આ તમારો ઈશ્વરીય જન્મ સિધ્ધ અધિકાર છે. આ જગતપિતા, જગતઅંબા છે. આ જ જગતઅંબા પછી લક્ષ્મી બને છે. હમણાં પરમાત્મા આવીને ૨૧ જન્મોનું રાજ્ય-ભાગ્ય આપે છે. આ છે જ્ઞાનમાર્ગ. પછી ભક્તિમાર્ગ માં દિવાળી પર લક્ષ્મી થી ભીખ માંગે છે.

બાબા કહે છે આપ બાળકો ક્યાંય પણ જાઓ જઈને સમજાવો - અમે આ ભણ્યાં છીએ. અમારી ફરજ છે, ઘરે-ઘરે સંદેશ આપવો. આ ત્રિમૂર્તિ શું છે, આવો તો અમે તમને સમજાવીએ. બાબાએ આમને બેસી ૮૪ જન્મો નું રહસ્ય સમજાવ્યું છે. જેમ બ્રહ્માનો દિવસ અને રાત તેમ વિષ્ણુનો પણ દિવસ અને રાત. ખૂબ સહજ છે સમજાવવું. કોઈનું પણ કલ્યાણ કરવાનું છે. આ જ ધંધો તમારે કરવાનો છે. બધાંને રસ્તો બતાવવાનો, બસ બે રોટલી મળે તે પણ બહુ છે. મનુષ્ય નું પેટ વધારે નથી ખાતું. જો સમજદાર છે તો થોડા રુપિયા માં પણ કામ ચાલી શકે છે. અહીં તો ઘણાં એવાં છે જે થોડું ઠીક ન મળે તો ભાગી જાય. રાજાઈ ને પણ ઠોકર મારી દે. વચમાં બેગરી પાર્ટ ચાલ્યો, આ પણ પરીક્ષા થઈ હતી. ઘણાં ચાલ્યાં ગયાં. આ બધું શિવબાબા નું શું રહસ્ય હતું તે પણ ગુડ જાણે, ગુડ ની ગોથરી જાણે. કેટલાં ડરીને ભાગી ગયાં. નહીં તો બે રોટલી ખાવાનો ખર્ચો ખૂબ ઓછો લાગે છે. બે રોટલી ખાવી, પ્રભુનાં ગુણ ગાવા અર્થાત્ બાપ અને વારસા ને યાદ કરવાં. બાપ ને ખૂબ પ્રેમ થી યાદ કરવાનાં છે. બાપ કહે છે હું સેકન્ડમાં તમને જીવનમુક્તિ નું રહસ્ય સમજાવું છું. કળિયુગ માં છે જીવનબંધ, જરુર મુક્તિ-જીવનમુક્તિ બીજા જન્મમાં મળી હશે. બાપે સંગમ પર જ જ્ઞાન આપ્યું છે. છે પણ બરાબર સેકન્ડની વાત. સારી રીતે કોઈ ફક્ત સમજાવે. ચિત્ર ખૂબ સરસ બનેલાં છે. ત્રિમૂર્તિ તો કોમન (સામાન્ય) છે, ફક્ત અર્થ નથી સમજતાં. આ પણ સમજે છે બ્રહ્મા દ્વારા સ્થાપના, વિષ્ણુ દ્વારા પાલના, શંકર દ્વારા વિનાશ. પરંતુ ક્યારે આવીને આ કાર્ય કરે છે, એ નથી જાણતાં. બ્રહ્માનાં બાળકો જરુર બ્રહ્માકુમાર-કુમારીઓ હશે. જાણે છે બાપ પાસે થી અમને વારસો મળે છે. પરંતુ છતાં પણ સર્વિસ નથી કરી શકતાં તો સમજે છે આમનાં પર ગ્રહણ છે. શ્રીમત પર ચાલવા માટે ના કરી દે છે. જેમકે અહીં કોઈ ભણવા નથી આવ્યાં. એવાં તો અંતમાં એકદમ ચાલ્યાં જશે.

બાબા તો ઘણી યુક્તિઓ બતાવે છે. બાબાને પૂછે છે બાબા હું લગ્ન માં જાઉં? ફલાણી જગ્યાએ જાઉં....અરે તમારે જ્યાં ત્યાં આ સર્વિસ જ જઈને કરવાની છે. ત્રિમૂર્તિ નું ચિત્ર લઈને એનાં પર જ સમજાવો. ત્રિમૂર્તિ માર્ગ પણ છે, કોઈ પણ અર્થ ને નથી જાણતાં. અહીં ઘણાં બાળકો છે જે સેવાકેન્દ્ર પર આવતાં રહે છે, બહાર થી કહે છે અમે પવિત્ર રહીએ છીએ, પરંતુ અંદર ગંદ કરતા રહે છે. શિવબાબા કહે છે હું અંતર્યામી છું, ઘણા વિકારોમાં પડતાં રહે છે. કાંઈ બતાવતા નથી, એમને આ ખબર જ નથી પડતી કે કેટલી સજા મળશે. બાબા કહે છે એમને ખૂબ સજા મળશે. અનુભવ કરશે બરાબર અમે છુપાવ્યું હતું, આટલું ખોટું બોલ્યું હતું એટલે આ સજા મળી રહી છે. બાબા કહે છે સમય આવશે બધાંને પોતાની ચલન નો સાક્ષાત્કાર કરાવીશ કે કેટલાં પાપ, ખોટું કર્યુ છે. ઘણાં વિકારમાં જતાં રહે છે, સેવાકેન્દ્ર પર પણ આવતાં રહે છે. શાસ્ત્રોમાં પણ ઇન્દ્રસભાની વાત છે. આ એકની વાત નથી. ઘણાં એવાં હોય છે. પછી જઈને દુશ્મન બને છે, અબળાઓ પર વિઘ્ન નાખતા રહે છે. વાતો બધી અહીંની છે. તમે સર્વિસ ખૂબ કરી શકો છો. આ ઝાડ નું ફર્સ્ટ ક્લાસ ચિત્ર છે. બોલો, ફક્ત જ્ઞાન સાંભળો. અમે તમને એમ પણ નથી કહેતાં કે નિર્વિકારી બનો. ફક્ત અહીં આવો તો અમે તમને સારી વાતો સંભળાવીશું. તમે લગ્નની ખુશી માં છો, અમે તમને એનાં કરતાં પણ વધારે ખુશી નો પારો ચઢાવી શકીએ છીએ, હંમેશા માટે. વાત કરવાની તાકાત જોઈએ. ગોળાનું ચિત્ર પણ સારું છે. કોઈ પુસ્તકોમાં પણ આ ગોળો દેખાડ્યો છે. ફક્ત આયુ લાંબી કરી દીધી છે. દિલ (મન) માં આવવું જોઈએ અમે પોતાનાં મિત્ર સંબંધીઓનો ઉધ્ધાર કરીએ છીએ. એક દિવસ આવશે જે તમે ચિત્ર લઈને જઈ બધાંને સમજાવશો કે શિવબાબા આ બ્રહ્મા દ્વારા વિષ્ણુપુરી નું રાજ્ય આપી રહ્યાં છે. શંકર દ્વારા જૂની દુનિયાનો વિનાશ થઈ રહ્યો છે. બાકી દેવતાઓ, અસુરોની લડાઇ નથી લાગી. આ તો યવન (યાદવ) અને કૌરવો ની છે. એમનો બોમ્બ છૂટશે અને આમની લડાઈ શરું થશે. વિનાશ પછી સ્વર્ગની સ્થાપના, કેટલું સહજ છે. બોલો, ફક્ત બાપ અને વારસા ને યાદ કરવાનાં છે. મનમનાભવ, બસ. અમને કાંઈ પણ નથી જોઈતું. અમે પૈસા નાં ભૂખ્યા નથી. પૈસા તો પોતાની પાસે રાખો. યુક્તિયુક્ત બોલવું જોઈએ. આગળ ચાલીને ખૂબ નીકળશે. થોડી તમારી પણ વૃદ્ધિ થઈ જાય. ઘણાં છે જે બહારથી ખૂબ સારા છે, ખૂબ મીઠાં છે. પરંતુ અંદર કચરો ભરેલો છે. અહીં અંદર બહાર ખૂબ સાફ જોઈએ. બધાંની અંદર જાણવા વાળા શિવબાબા છે. સ્વયં કહે છે જેઓ જે ભાવનાથી ભક્તિ કરે છે, એમને એનું ફળ મળે છે. આ ડ્રામામાં નોંધ છે. તો જ્યારે બાપને મેળવ્યાં છે તો વારસો પણ પૂરો મેળવવો જોઈએ. વારસો સર્વિસ થી મળે છે. બાપ તો છતાં પણ પુરુષાર્થ કરાવશે. ઠંડા થોડી છોડશે. પ્રોજેક્ટર પર પણ સારી રીતે સમજાવી શકો છો. ચક્રમાં કેટલું મોટું જ્ઞાન સમાયેલું છે. મોટાં મંડપ માં મોટાં-મોટાં ચિત્ર રાખવા જોઈએ, જેટલાં મોટાં હશે એટલું સારી રીતે વાંચી શકશો. ખૂબ સહજ છે સમજાવવું. આ નર્ક છે, આ સ્વર્ગ છે. આ ૮૪ નું ચક્ર ફરે છે. બાપ પાસે થી બેહદનો વારસો સંગમ પર જ મળે છે. નામ જ છે અતિ સહજ રાજયોગ, અતિ સહજ જ્ઞાન. ડ્રામા અનુસાર ઝાડ ને જાણવાનું છે. ચિત્ર તો બાબાએ બનાવડાવી દીધાં છે. સ્વર્ગમાં આ દેવતાઓનું રાજ્ય હતું. આર્ય અને અનઆર્ય. આર્ય અર્થાત્ પારસબુદ્ધિ, અનઆર્ય અર્થાત્ પથ્થરબુદ્ધિ. સાચ્ચુ બતાવવા વાળા તમે છો, ખૂબ રહેમદિલ બનવાનું છે. ક્યાંય પણ જઈને તમે સર્વિસ કરીને દેખાડો. કોઈ ને કોઈ નીકળી પડશે જે પોતાનું જીવન બનાવશે. અચ્છા!

મીઠાં-મીઠાં સિકિલધા બાળકો પ્રતિ માત-પિતા બાપદાદા નાં યાદ-પ્યાર અને ગુડમોર્નિંગ. રુહાની બાપ નાં રુહાની બાળકોને નમસ્તે.

**ધારણા માટે મુખ્ય સારઃ-**

1) અંદર બહાર સાફ રહેવાનું છે. બાપ થી કાંઈ પણ છુપાવવાનું નથી. સાચ્ચા દિલ થી સેવા કરવાની છે.

2) પોતાનો સમય સફળ કરવાનો છે. સર્વ નાં આશીર્વાદ લેવા માટે વાચા કે કર્મણા સેવા જરુર કરવાની છે. રહેમદિલ બનવાનું છે. બધાનું કલ્યાણ કરવાનો ધંધો કરતા રહેવાનો છે.

**વરદાન :- નિર્માનતા ની મહાનતા દ્વારા સર્વની દુવાઓ પ્રાપ્ત કરવાવાળા માસ્ટર સુખદાતા ભવ**

મહાનતા ની નિશાની નિર્માનતા છે, જેટલાં નિર્માન બનશો એટલાં બધાનાં દિલમાં મહાન સ્વતઃ બનશો. નિર્માનતા નિરહંકારી સહજ બનાવે છે. નિર્માનતા નું બીજ મહાનતા નું ફળ સ્વતઃ પ્રાપ્ત કરાવે છે. નિર્માનતા જ બધાંની દુવાઓ પ્રાપ્ત કરવાનું સહજ સાધન છે. નિર્માનતા મહિમા યોગ્ય બનાવી દે છે. નિર્માનતા બધાનાં મન માં પ્રેમ નું સ્થાન બનાવી દે છે, એ બાપ સમાન માસ્ટર સુખદાતા બની જાય છે.

**સ્લોગન :-** શ્રેષ્ઠ જીવનનો અનુભવ કરવા માટે નિશ્ચય નું ફાઉન્ડેશન (પાયો) મજબૂત હોય.